ઑફિસમાં એની બઢતી થતી રહી અને સમાજમાં પણ એને માન મળવા લાગ્યું. માણસો બોલવા લાગ્યા 'કેવો અદ્‌ભુત માણસ છે! કેવું સરસ કામ કરે છે, મુશ્કેલીઓનો ઉકેલ કેવી જુદી જુદી રીતે લાવે છે.' અને સાચે જ એ એક નવી વ્યક્તિ બની ગયો.

રોજ સવારે ઑફિસમાં જતાં, એ પોતાનો કોટ પહેરે ત્યારે કોટના ગજવાને હળવેથી થપથપાવીને ખાતરી કરી લેતો કે કાણાવાળો સિક્કો ગજવામાં છે, અને આત્મવિશ્વાસ ભર્યો એ નીકળી પડતો.

વરસો પછી, એક દિવસ એને જરા કુતૂહલ થયું 'હું આજે સિક્કાને જરા જોઉં!

નાસ્તો કરતાં કરતાં એણે પત્નીને કહ્યું 'આજે હું મારા સિક્કાને ગજવામાંથી બહાર કાઢીને જરા જોઈશ.' 'શી જરૂર છે! જોવાની કોઈ જરૂર નથી'.

- નહિ નહિ નહિ! મારે મારો સિક્કો જોવો છે. અને જે નાનકડી કોથળીમાં એ સિક્કો રાખતો હતો એ એણે બહાર કાઢી. ખોલીને જોયું તો અંદર એક સાવ સામાન્ય સિક્કો!

- ઓહ! આ મારો સિક્કો નથી! આ શું? કોણે મારો સિક્કો બદલ્યો?

ત્યારે એની પત્નીએ સમજાવ્યું - જુઓ, એક દિવસ તમારા કોટ ઉપર મને ધૂળ દેખાઈ એટલે એ કોટને બરાબર પકડી રાખીને બારી બહાર ખંખેર્યો. એ વખતે તમારી કોથળી અને સિક્કો નીચે પડી ગયાં. તરત દોડીને હું નીચે ગઈ, પણ ત્યાં સિક્કો નહોતો - કોઈએ ઉપાડી લીધો હતો. તરત મને થયું તમારા કાણાવાળા સિક્કા વિના તમે ખૂબ દુ:ખી થશો, અને મેં તમારી કોથળીમાં એક બીજો સિક્કો મૂકી આપ્યો.

માણસને કાણાવાળા સિક્કાની શક્તિમાં શ્રદ્ધા હતી, વિશ્વાસ હતો અને તેના આધારે તે આગળ પ્રગતિ કરતો રહ્યો હતો. સિક્કા પોતાનામાં તો કાંઈ જ ન હતું. મૂળ વાત છે શ્રદ્ધાની, વિશ્વાસની, નહિ કે સિક્કો કેવો છે!

- શ્રી માતાજી

[શ્રી માતાજીએ કહેલી વાર્તા ઉપરથી તંત્રીએ લખી છે.]

**CWM 6:235**

**From:Dakshina Karyalaya, Sri Aurobindo Ashram, Pondicherry-2. ✆0413-2331470**
રવાના: દક્ષિણા કાર્યાલય, શ્રી અરવિન્દ આશ્રમ, પૉંડિચેરી-૨✆ ૦૪૧૩-૨૩૩૧૪૭૦ • **May 2017**

# Prosperity

શ્રી માતાજીની
સિદ્ધિ-રિદ્ધિ

**2017**
MAY
૧ મે, ૨૦૧૭

## શ્રદ્ધા અને વિશ્વાસ
## Faith and Trust

**Q: If one has faith in the Divine and also trust, what is the difference between faith and trust?**

**A:** Faith is something much more integral – that is what Sri Aurobindo has written – much more integral than trust.

You see, you have trust in the Divine, in the sense that you are convinced that all that comes from Him will always be the best for you: whatever His decision and whatever the experience He sends you or the circumstances in which He puts you, it will always be what is best for you. This is trust.

But faith – that kind of unshakable certitude in the very existence of God – faith is something that seizes the whole being. It is not only mental, psychic or vital: it is the whole being, entirely, which has faith. Faith leads straight to experience.

**CWM 6: 122**

- The Mother

**પ્રશ્નઃ ... ... શ્રદ્ધા અને વિશ્વાસ, બંને કઈ રીતે એકબીજાંથી જુદાં છે?**

**ઉત્તરઃ** શ્રી અરવિન્દે લખ્યું છેઃ શ્રદ્ધા ઘણી વધુ સર્વાંગી છે, વિશ્વાસ કરતાં ઘણી વધુ સર્વાંગી છે.

તમારામાં વિશ્વાસ છે એટલે તમે સ્વીકારી લીધું છેઃ ભગવાન તરફથી જે બધું તમારી પાસે આવે છે, ભગવાન જે કોઈ નિર્ણય લે છે, જે બધા અનુભવો એ તમને આપે છે, જે બધી પરિસ્થિતિમાં એ તમને મૂકે છે, એ બધું તમારા સારામાં સારા માટે હોય છે. આ છે વિશ્વાસ.

પણ શ્રદ્ધા—એ તો ભગવાનના અસ્તિત્વના સત્યનો પૂરેપૂરો દૃઢ સ્વીકાર છે. શ્રદ્ધા જે છે એ સમગ્ર સ્વરૂપને ઉત્કટ રીતે ધબકતી રાખે છે. શ્રદ્ધા નથી માનસિક, ચૈતસિક કે પ્રાણમયઃ એ તો આખાયે સમગ્ર સ્વરૂપને ભરી દેતી સર્વાંગી હોય છે. શ્રદ્ધા તમને સીધી અનુભૂતિ તરફ લઈ જાય છે.

**CWM 6: 122** - શ્રી માતાજી

**Q: When we have a ring or some ornament with your image, does it give us protection?**

**A:** It depends above all on what you think about it! Something I give you with my own hands – there I put in something; but if it is of your own choice that you have taken a ring or a portrait, something, and you wear it...if you have the trust, the faith that it protects you, it protects you. When I give it, I give it with something completely different from the thing itself. It can contain this thing if I put it in, but if I don't, it does not contain it.

Sri Aurobindo used to say, you know, that to wear a ring with his portrait and think that it protects you, is a superstition! He would tell you it is a superstition! That is, it depends on what you think about it. ... It depends solely on what you think about it. If he had given you a ring, saying, "Wear this, my force will be with you", then it would have been altogether different; there's a world of difference.

**CWM 6:234** - The Mother

**પ્રશ્નઃ અમારી પાસે તમારી છબી કે તમારા પ્રતીકવાળી વીંટી અથવા કોઈ બીજું ઘરેણું હોય તો એ અમારું રક્ષણ કરે છે ખરું ?**

**ઉત્તરઃ** બધો આધાર છે તમે એને માટે શું વિચારો છો!

હું તમને મારા પોતાના હાથે જે આપું છું એમાં હું વસ્તુ ઉપરાંત કશુંક નવું ઉમેરીને આપું છું. તમે પોતે જો કંઈ પસંદ કરીને પહેરતા હો છો અને તમને એમાં શ્રદ્ધા, વિશ્વાસ હોય છે કે એ તમારું રક્ષણ કરે છે – તો એ જરૂર તમારું રક્ષણ કરે છે. પણ, જો વસ્તુમાં હું ઉમેરીને આપું છું તો વસ્તુમાં એ નવું કશુંક હોય છે, જો હું નથી ઉમેરતી તો વસ્તુમાં કશું જ નથી હોતું.

તમને ખબર છે, શ્રી અરવિન્દ કહેતાઃ મારી છબીવાળી વીંટી પહેરવી અને વિચારવું કે એ તમારું રક્ષણ કરે છે, એ એક માન્યતા છે! શ્રી અરવિન્દ તમને કહેત કે એ એક માન્યતા છે. ... ...

પણ શ્રી અરવિન્દે તમને વીંટી આપી હોત અને કહ્યું હોત "આ પહેરી રાખો, મારી શક્તિ તમારી સાથે રહેશે" તો એ એક જુદી જ વાત હોત. બંને વચ્ચે આસમાન જમીનનો ફેર છે.

**CWM 6: 234** - શ્રી માતાજી

## કાણાવાળો સિક્કો

ઘણા જૂના સમયની વાત છે, જ્યારે આપણા કાણાવાળા સિક્કા જેવા સિક્કા ચલણમાં નહોતા. એ લોકોમાં એવી માન્યતા હતી કે જો તમને એક કાણાવાળો સિક્કો મળે તો એ તમને સફળતા અને સમૃદ્ધિ અપાવે.

મધ્યમ સ્થિતિનો એક સામાન્ય માણસ કોઈ ઓફિસમાં મામુલી નોકરી કરતો હતો. એને એક દિવસ કાણાવાળો સિક્કો મળ્યો. સિક્કાને સાચવીને પોતાના ગજવામાં મૂકતાં આનંદથી એ મનોમન બોલ્યો 'હવે હું જરૂર સફળતા મેળવીશ, હું જરૂર પૈસાદાર બનીશ.' અને એ બધું જ આશાથી, આનંદથી, ઉત્સાહભર્યો કરતો થયો. અને સાચે જ એ પૈસા કમાતો થયો, વધુ ને વધુ સમૃદ્ધ બનતો ગયો,